# ATMA DIRECTORATE AND SAMETI

Support to State Extension Programs for Extension Reforms
(A Govt. of India Scheme)

અગત્યનું

જા.નં : જીઓજી/આત્મા/ ૫૧૭-૫૨૫ /૨૦૧૮
તા.૧૯-૦૪-૨૦૧૮

પ્રતિ
વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી,
કૃષિ યુનિવર્સિટી,
આણંદ, જુનાગઢ, નવસારી, દાંતીવાડા

વિષય : કિસાન કલ્યાણ કાર્યશાળા-વ-કૃષિ મહોત્સવનું આયોજન કરવા અંગે
સંદર્ભ: અત્રેની કચેરીનો પત્ર જાનઃજીઓજી/આત્મા/૫૮-૧૯૧/૨૦૧૮ તા.૧૧-૦૪-૨૦૧૮

સવિનય ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે ભારત સરકાર દ્વારા તા.૧૪-૪-૧૮ થી તા.૫-૫-૧૮ સુધી ગ્રામ સ્વરાજ અભિયાન આયોજીત કરેલ છે જેના ભાગરૂપે તા.૨-૫-૧૮ના રોજ રાજ્યના તમામ ૨૪૭ તાલુકામાં કિસાન કલ્યાણ કાર્યશાળા-વ-કૃષિ મહોત્સવનું આયોજન રાજ્યના કૃષિ વિભાગ મારફતે કરવાનું થાય છે. આ અંગે તા.૧૭/૦૪/૨૦૧૮ના રોજ સીંગલ ફાઇલ પર મળેલ સરકારશ્રીની મંજુરી અન્વેય સંદર્ભ પત્રમાં જણાવ્યા મુજબની આપને કિસાન કલ્યાણ કાર્યશાળાની માર્ગદર્શિકા અને મીનીટ-ટુ-મીનીટ પ્રોગ્રામ આ સાથે મોકલી આપવામાં આવે છે તો આ અંગેની ઘટતી કાર્યવાહી કરવા વિનંતી છે.

સામેલ : ઉપર મુજબ

નિયામક, સમેતિ અને
સ્ટેટ નોડલ ઓફિસર, આત્મ

નકલ સવિનય રવાના:
કુલપતિશ્રી, કૃષિ યુનિવર્સિટી, આણંદ, જુનાગઢ, નવસારી, દાંતીવાડા તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી થવા સારૂ.

ડી-૨
20/4/18

ન. કૃ. યુ. શ્રી નવસારીની કચેરી
ઈન્વર્ડ નં. ૭૦૮૫
તારીખ 2 0 APR 2018

NAU/PSVC/File/ 62 /18
In Date 20/04/18
Out Date 20/04/18

20/4/18

20/4/18

# કિસાન કલ્યાણ કાર્યશાળા-વ-કૃષિ મહોત્સવ અંગેની માર્ગદર્શક સુચનાઓ

રાજયના ખેડૂતોની આવક વર્ષ ૨૦૨૨ ડબલ કરવા માટે જાગૃતિ લાવવા અને તે માટે કાર્યનીતી ઘડવા માટે અને આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન તેમજ ખાતાની વિવિધ સહાય યોજનાઓ અંગેને સમજ મળી રહે તે હેતુસર કિસાન કલ્યાણ કાર્યશાળાનું આયોજન કરવાનું થાય છે. તે પ્રમાણે ખેડૂતોને આધુનિક કૃષિ તાંત્રિકતા અને સજીવ ખેતી અંગે માર્ગદર્શન મળે, તેમના પાક ઉત્પા દનમાં વધારો થાય અને વધુ આવક મેળવે અને જુદા જુદા ખાતાની વિવિધ સહાય યોજનાઓની જાણકારી મળી રહે તે ઉદેશને ધ્યાને લઇ રાજ્યના તમામ ૨૪૭ તાલુકા સ્થળોએ એક કિસાન કલ્યાણ કાર્યશાળા /કિસાન સંમેલનનુ એગ્રીકલ્ચરલ ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી(આત્મા) ધ્વારા આયોજન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમના આયોજનની માર્ગદર્શિકા નીચે મુજબ છે.

## કિસાન કલ્યાણ કાર્યશાળા-વ-કૃષિ મહોત્સવની માર્ગદર્શિકા

૧) કિસાન કલ્યાણ કાર્યશાળા /કિસાન સંમેલનનો કાર્યક્રમ તા. ૨ મે, ૨૦૧૮ ના રોજ રાજ્યના દરેક જિલ્લાના દરેક તાલુકામાં યોજવાનો રહેશે.

૨) સામાન્ય રીતે કાર્યક્રમ સવારે ૮.૩૦ કલાકથી શરૂ કરી આખો દિવસનો યોજવાનો રહેશે.

૩) કિસાન કલ્યાણ કાર્યશાળાનો દૈનિક મોડેલ કાર્યક્રમ આ સાથે પરિશિષ્ટ-૧ મુજબ રહેશે જે સ્થાનિક પરિસ્થિતિને અનુકુળ ફેરફારને પાત્ર રહેશે.

૪) કિસાન કલ્યાણ કાર્યશાળામાં રાજ્યના માન . મંત્રીશ્રીઓ/ સંસદ સભ્યશ્રીઓ / ધારાસભ્યશ્રીઓ/જીલ્લા પંચાયત - તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ અને સ્થાનિક પદાધિકારીશ્રીઓને આમંત્રિત કરવાના રહેશે .

૫) આ કાર્યક્રમમાં કૃષિ ઉપરાંત બાગાયત, પશુપાલન, મત્સ્યોદ્યોગ, સહકાર વગેરે ખાતાઓની સહભાગિતા રહેશે.

૬) રાજયના તમામ પ્રકારના ખેડુતો માટે રાજ્યના તમામ ૨૪૭ તાલુકા સ્થળોએ સામાન્ય રીતે એપીએમસી ખાતે સદર કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે. તેમ છતાં સ્થાનિક અનુકુળતા મુજબનું સ્થળ તાલુકા કક્ષાની અને જિલ્લા કક્ષાની સમિતિ પરામર્શ કરી નક્કી કરે તે પ્રમાણે રહેશે.

૭) આ કાર્યક્રમના સફળ આયોજન અને અમલીકરણ તેમજ તાલુકા કક્ષાની અમલીકરણ સમિતિના ગઠન માટે જિલ્લા કક્ષાએ નીચે મુજબની સમિતિ રહેશે.

- જિલ્લા વિકાસ અધિકારીશ્રી - ચેરમેનશ્રી
- જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી - સભ્ય
- નાયબ બાગાયત નિયામકશ્રી - સભ્ય
- નાયબ પશુપાલન નિયામકશ્રી - સભ્ય
- મત્સ્યઉદ્યોગ ખાતાના જિલ્લા કક્ષાના અધિકારીશ્રી - સભ્ય
- જિલ્લા રજીસ્ટ્રારશ્રી - સભ્ય
- જિલ્લાના કૃષિ યુનિવર્સિટીના નોડલ વૈજ્ઞાનિકશ્રી - સભ્ય
- જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્રના મુખ્ય અધિકારી - સભ્ય
- કેન્દ્ર સરકારના કૃષિ સંશોધન કેન્દ્ર - સંસ્થાના મુખ્ય વૈજ્ઞાનિકશ્રી - સભ્ય
- પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, આત્મા - સભ્ય સચિવ

જે જીલ્લાના પ્રોજેક્ટ ડાયરેક્ટર-આત્મા/ નાયબ ખેતી નિયામક (તાલીમ)ની પાસે વધારાના જીલ્લાનો પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્માનો ચાર્જ / કામગીરી હોય તો તેવા જીલ્લાની કિસાન કલ્યાણ કાર્યશાળાની કામગીરી માટે સભ્ય સચિવશ્રી તરીકેની કામગીરી તે જીલ્લાના જીલ્લા ખેતીવાડી અધિકારી/ નાયબ ખેતી નિયામક (વિ)/ નાયબ બાગાયત નિયામકશ્રીએ કરવાની રહેશે જેનો નિર્ણય તે જીલ્લાના જીલ્લા વિકાસ અધિકારીશ્રી કરશે

૮) પ્રોજેક્ટ ડાયરેક્ટરે સ્થાનિક ધોરણે કૃષિ અને સંલગ્ન ખાતાના અધિકારીઓ સાથે ગુજરાત રાજ્ય બીજ નિગમ , ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન , કૃષિ યુનિવર્સિટી , ખાતર કંપની , સ્થાનિક કૃષિ ઇનપુટ અને યાંત્રિક સાધનોના ડીલર્સ વિગેરેના સંકલનમાં રહી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

૯) કિસાન કલ્યાણ કાર્યશાળા ના સ્થળે જે તે ખાતાકીય – યોજનાકીય માહીતીના ડીસ્પ્લે બોર્ડ , સાહિત્યનુ વિતરણ , તાલુકા કક્ષાએ પ્રગતીશીલ ખેડૂતોની બેસ્ટ પ્રેક્ટાઇસીસનુ ડીસ્પ્લે બોર્ડ તથા વિવિધ વિભાગ, પ્રગતિશીલ ખેડૂતો અને ખેત ઓજારોને લગતા ખાસ સ્ટોલ બનાવવાના રહેશે. ખેડુતો સરળતાથી પરિસંવાદ તેમજ પ્રદર્શનનો લાભ લઇ શકે તે મુજબનુ આયોજન કરવાનું રહેશે.

૧૦) કિસાન કલ્યાણ કાર્યશાળા માં જે તે જીલ્લાસની સંબંધિત કૃષિ યુનિવર્સિટીના જીલ્લાદના નોડલ વૈજ્ઞાનિકશ્રીએ વિષયને અનુરૂપ વૈજ્ઞાનિકશ્રીઓની હાજરી સુનિશ્ચિત કરવાની રહેશે.

૧૧) જે તે તાલુકાના પ્રગતિશીલ ખેડૂતોને વકતા તરીકે રાખી તેમના અનુભવોનો લાભ અન્ય ખેડૂતોને આપવાનો રહેશે.

૧૨) કિસાન કલ્યાણ કાર્યશાળા દરમિયાન પશુપાલન ખાતા દ્વારા અનુકુળતા મુજબ પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરવાનું રહેશે.

૧૩) કિસાન કલ્યાણ કાર્યશાળામાં જુદા જુદા ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓની ખેડૂતોને સમજ આપવાની રહેશે.

૧૪) ખેડૂતોને કૃષિલક્ષી અને સંલગ્ન વિષયોનું માર્ગદર્શન આપવાનું તેમજ ખેડૂતોના કૃષિ લક્ષી પ્રશ્નોનું નિરાકરણ લાવવાનું રહેશે.

૧૫) ખેડૂતો માટે ખેડૂતોની આવક સને ૨૦૨૨ સુધી બમણી કરવા સંદર્ભનુ સાહિત્ય દરેક વિભાગે કાર્યક્ષેત્રના સ્થળે અને જે તે સ્ટોલ ઉપરથી વિતરણ કરવાનું રહેશે.

૧૬) કિસાન કલ્યાણ કાર્યશાળામાં સોઇલ હેલ્થર કાર્ડ઼ઇન્ટીસગ્રેટેડ ન્યુયટ્રીયન્ટિ મેનેજમેન્ટ઼માઇક્રો ઇરીગેશન, સજીવ ખેતી, ટકાઉ ખેતી, ઇન્ટીકગ્રેટેડ પેસ્ટલ મેનેજમેન્ટ઼પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજીગ્રેડીંગ,પેકેજીંગ, ફુડ પ્રોસેસીંગ઼ પોલ્ટ્રી, મધમાખી ઉછેર, મત્સ્યોદ્યોગ જેવા વિષયો આવરી લેવાના રહેશે.

૧૭) કિસાન કલ્યાણ કાર્યશાળાની ડોકયુમેન્ટેશન ફોટોગ્રાફી તેમજ વિડીયોગ્રાફી તૈયાર કરવાની રહેશે.

૧૮) કિસાન કલ્યાણ કાર્યશાળામાં ખેડૂતોની બેઠક વ્યવસ્થાર તેમજ પ્રાથમિક સુવિધાઓની વ્યવસ્થા જેમાં સમગ્ર કાર્યક્રમ દરમ્યાન માઇક, સ્ટેજને લગતી આનુસંગિક વ્યવસ્થા કરવાની રહેશે.

૧૯) કિસાન કલ્યાણ કાર્યશાળા માં અંદાજીત ૫૦૦ ખેડૂતોને તાલુકાના મોટા ભાગના ગામોનું પ્રતિનિધિત્વ જળવાય તે રીતે આવરી લઈ આયોજન કરવાનું રહેશે.

૨૦) દરેક કાર્યક્રમમાં આશરે ૫૦૦ ખેડૂતો હાજર રહે , તેમને ચા-નાસ્તો અને ભોજનની વ્યવસ્થા તેમજ આનુસંગિક વ્યવસ્થા ગ્રાન્ટની મર્યાદામાં કરવાની રહેશે.

૨૧) કિસાન કલ્યાણ કાર્યશાળાનો ખર્ચ રૂ. ૨.૫૦ લાખની મર્યાદામાં એ.જી.બી. / એ.એમ.સી.ની મંજુરી મેળવી નિયમોનુસાર કરવાનો રહેશે.

૨૨) કાર્યક્રમ પુર્ણ થયે નાણાંકીય ચૂકવણી માટે વિગતવાર દરખાસ્ત જે તે તાલુકાના બીટીએમ / એટીએમ દ્વારા તૈયાર કરી પ્રોજેક્ટ ડાયરેક્ટર (આત્મા)એ નિયામકશ્રી , સમેતિ મારફતે આ કાર્યક્રમ માટે મળેલ ફંડમાંથી ખર્ચના બીલો પ્રમાણિત કરી જરૂરી હુકમો કરી નિયમોનુસાર ECS (ઈલેકટ્રોનિક કલીયરન્સિ સર્વિસ) / RTGSથી ચુકવણુ કરશે.

૨૩) પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીએ ગ્રાન્ટE વપરાશના પ્રમાણપત્રો (યુટીસી) નિયત નમુનામાં નિયામકશ્રી, સમેતિ, ગાંધીનગરને સમયસર મોકલવાના રહેશે. તેમજ થનાર ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડીટને લગતી કામગીરી કરવાની રહેશે.

## પરીશિષ્ટ-૧

## કિસાન કલ્યાણ કાર્યશાળા-વ-કૃષિ મહોત્સવ નો એક દિવસીય સૂચિત મોડેલ કાર્યક્રમ

(સ્થાનિક પરિસ્થિતિ મુજબ અંશતઃ ફેરફારને પાત્ર)

| સમય | સૂચિત કાર્યક્રમ | આયોજક |
|---|---|---|
| ૦૮:૩૦ થી ૦૯-૩૦ | રજીસ્ટ્રેશન અને ચા-નાસ્તો | તાલુકા ટીમ |
| ૦૯:૩૦ થી ૦૯-૪૦ | સ્વાગત-દીપ પ્રાગટ્ય અને ઉદ્દઘાટન સમારંભ | જીલ્લા ટીમ |
| ૦૯:૪૦ થી ૧૦:૦૦ | પ્રાસંગીક ઉદ્દબોધન | મહાનુભાવો દ્વારા |
| ૧૦:૦૦ થી ૧૦:૨૦ | ખેડૂતોની આવક બમણી કરવા માર્ગદર્શન | વિષય નિષ્ણાંત / વૈજ્ઞાનિકશ્રી |
| ૧૦:૨૦ થી ૧૧:૦૦ | જુદા-જુદા ખાતાની વિવિધ સહાયલક્ષી કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની યોજનાઓ વિષે ખેડૂતોને માર્ગદર્શન.<br>i-khedut પોર્ટલ વિષે માર્ગદર્શન. | સંલગ્ન ખાતાના અધિકારીશ્રીઓ |
| ૧૧:૦૦ થી ૧૧.૨૦ | સફળ ખેડૂતોની સફળ વાર્તા - ખેડૂતોના મુખે | પ્રગતિશીલ ખેડૂતો (૨) |
| ૧૧.૨૦ થી ૧૧:૩૦ | પ્રગતિશીલ ખેડુતોનુ સન્માન | જિલ્લા ટીમ |
| ૧૧.૩૦ થી ૧૧.૫૦ | સ્થાનિક કૃષિ પાકો અંગે માર્ગદર્શન | વિષય નિષ્ણાંત / વૈજ્ઞાનિકશ્રી |
| ૧૧:૫૦ થી ૧૨:૧૦ | પશુપાલન / મત્સ્યોધ્યોગ વિષયનું માર્ગદર્શન | વિષય નિષ્ણાંત / વૈજ્ઞાનિકશ્રી |
| ૧૨:૧૦ થી ૧૨:૩૦ | સફળ ખેડૂતોની સફળ વાર્તા - ખેડૂતોના મુખે | પ્રગતિશીલ ખેડૂતો (૨) |
| ૧૨:૩૦ થી ૧૨:૫૦. | ખેડૂતોને મુંઝવતા પ્રશ્નો અંગે ચર્ચા અને નિરાકરણ | વિષય નિષ્ણાંત / વૈજ્ઞાનિકશ્રી |
| ૧૨:૫૦ થી ૧૩:૦૦ | કાર્યક્રમ અંગે ખેડુતોના પ્રતિભાવો અને આભારવિધી | |
| ૧૩:૦૦ થી ૧૪:૦૦ | વર્કિંગ લંચ | |
| ૧૪:૦૦ થી ૧૭:૩૦ | પ્રદર્શનની મુલાકાત અને ખેડૂતોને વૈજ્ઞાનિકશ્રી /ખાતાના અધિકારીશ્રીઓ દ્વારા વ્યક્તિગત માર્ગદર્શન | |
| ૦૮.૩૦ થી ૧૩.૦૦ | પશુ આરોગ્ય કેમ્પ | પશુપાલન ખાતાના અધિકારીશ્રી / પશુપાલન વૈજ્ઞાનિકશ્રી |